જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૪/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૩૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૧૦	૫	૧૧૪૧૫	૧૭૫૩૦	૫	૧૭૫૩૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૭	૦	૭૭	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૮૨૨૩	૪૧૭	૩૮૬૪૦	૩૯૩૯૯	૩૯૩	૩૯૭૯૨
કુલ		૫૪૪૧૮	૪૨૨	૫૪૮૪૦	૬૩૪૫૯	૩૯૮	૬૩૮૫૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦	૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૨૦	૧૮,૨૦,૦૦૦/-

અપહરણના ગુનાની ડિટેકશનની વિગત

ચાંદખેડા પોલીસ સ્ટેશન :

૧૫ વર્ષની સગીર બાળાને ટેકનીકલ એનાલીસીસ કરી શોધી કાઢતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર સા.શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર સા.શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સા.શ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં દાખલ થયેલ અપહરણના ગુન્હાઓમાં આરોપી તથા ભોગબનનારને શોધી કાઢવા સુચના કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સીધા સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૧૨૪૨/૨૦ ઇ.પી.કો. ૩૬૩ મુજબના કામે એક ૧૫ વર્ષની કિશોરી તા.૦૫/૧૨/૨૦૨૦ ના કલાક ૧૫/૩૦ વાગ્યા પહેલાં કોઈપણ સમયે તેના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર ક્યાંક જતી રહેલ હોય અથવા તો તેણીને કોઇ અજાણ્યો ઇસમ ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી લઇ ગયેલ હોય જે ભોગ બનનાર ઘણા સમયથી મળી નહીં આવતાં જેને શોધી કાઢવા સારૂ અલગ-અલગ ટીમો બનાવી તેમજ ભોગ બનનાર તેની સાથે લઇ ગયેલ મોબાઇલ ફોન એક્ટીવ થતાં મોબાઇલ નંબરની કોલ ડિટેઇલ મેળવી ટેકનીકલ એનાલિસીસ કરતાં ભોગ બનનારનુ લોકેશન પાટણ જીલ્લાના સરસ્વતી તાલુકાના ખારેડા ગામ ખાતેનુ મળી આવતાં જ્યાં એક ટીમ મોકલી તપાસ કરતાં આ કામની ભોગ બનનારને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી લઇ ગયેલ જેઓ બન્ને મળી આવેલ જેઓને ચાંદખેડા પોલીસ સ્ટેશન લાવી ભોગ બનનારને તેના માતા-પિતાના ઘરે તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને બાળ સુધારગૃહ મહેસાણા ખાતે મોકલી આપવામાં આવેલ આમ અધ્યત્તન ટેકનોલોજીનો ઉપયોગ કરી ભોગ બનનારને શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે.

પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

અમરાઇવાડી પોલીસ સ્ટેશન :

પ્રોહિ.નો ગણનાપાત્ર કેસ કરતી અમરાઇવાડી પોલીસ

પોલીસ કમિ.શ્રી અ'વાદ શહેર તથા અધિક પો.કમિ. શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડીવીજન સાહેબનાઓ તરફથી પ્રોહી/જુગારની ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિ નેસ્તેનાબુદ કરવા મળેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટર ડી.બી.મહેતા સાહેબનાઓના માર્ગદર્શન હેઠળસર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ આર.જી.બાવા તથાસ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક ૦૭/૧૦ વાગ્યે અમરાઇવાડી ભીલવાડા ઘંટી બસ સ્ટેશન પાસે આવતા સાથેના પો.કોન્સ આશિષ દિનેશભાઇ તથા એલ.આર.રમેશકુમાર ઇશ્વરભાઇ નાઓને સંયુક્ત બાતમી હકિકત મળેલ કે, " વિજય ઉર્ફે વિકી ઉર્ફે કાલીયા અમરનાથ ચૌહાણ રહે.ગોકુલનગર સુરેલીયા રોડ વન્ડર પોઇન્ટ પાછળ રામોલ અમદાવાદ શહેર વાળો તેના મળતીયા માણસ સાથે પોતાના આર્થિક ફાયદા સારૂ કેટલોક ઇંગ્લિશ દારૂનો જથ્થો વેચાણ કરવા સારૂ આર.ટી.ઓ.રજી.નં.Gj-01-HW-0186 વાળીટાટા નેક્સન કારમા ભરી લાવી સંજયચોક તરફથી આવી અન્નપુર્ણા એસ્ટેટમા જનાર છે અને સદર જથ્થો સગેવગે કરનાર છે "જે બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ રેઇડ સદર કારમાથી ગે.કા.ભારતીય બનાવટની વિદેશીદારુની McDOWELL'S No.-1 COLLECTION WHISKY, ORIGINAL લખેલ ૭૫૦ મીલી ઇંગ્લિશ દારૂ ભરેલ બોટલો નંગ-૧૪૩ કિ.રૂ.૮૫,૮૦૦/-તથા TUBORG PREMIUM BEER STRONG લખેલ ૫૦૦ મિલીની બિયરટીન નંગ-૧૪૪ કિ.રૂ.૨૮,૮૦૦/- તથા REDMI કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૩૦૦૦/-તથા રજી.નં.Gj-01-HW-0186 નંબર પ્લેટ લગાડેલ સિલ્વર કલરની ટાટા નેક્સન કાર કિ.રૂ.૪,૦૦,૦૦૦/-મળી કુલ્લે ૫,૧૭,૬૦૦/- ની મત્તાનો પ્રોહિ. મુદ્દામાલકબ્જે કરીનીચે જણાવેલ આરોપીઓ વિરુધ્ધમા કાયદેસર કાર્યવાહી કરી પ્રોહિ.નો ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે.

આરોપીઓના નામ :-

(૧) રમેશકુમાર શંકરજી વણઝારા ઉ.વ.૩૯ધંધો-ડ્રાઇવીંગ રહે. મ.નં.૪૨૮/૮/૧૦, સોની મંગળદાસની ચાલી, કમલ હોટલની સામે, ઉતમડેરી પાસે, અમરાઇવાડી અમદાવાદ શહેર નહિ

પકડાયેલ આરોપી :-

(૧) વિજય ઉર્ફે વિકી ઉર્ફે કાલીયા અમરનાથ ચૌહાણ રહે.ગોકુલનગર સુરેલીયા રોડ વન્ડર પોઇન્ટ પાછળ રામોલ

(૨) કિશનભાઇ જેના પુરા નામ સરનામાની ખબર નથી

મુદ્દામાલ:

(૧) McDOWELL'S No.-1 COLLECTION WHISKY,ORIGINAL FOR SALE IN U.T. CHANDIGARH ONLY લખેલ કંપની શીલબંધ કાચની બોટલો નંગ-૧૪૩ કિ.રૂ.૮૫,૮૦૦/-

(૨)TUBORG PREMIUM BEER STRONG, FOR SALE IN U.T.CHANDIGARHONLY લખેલ કંપની શીલબંધ ટીન નંગ નંગ-૧૪૪ કિ.રૂ.૨૮,૮૦૦/-

(૩) REDMI કંપનીનો મોબાઇલ કિ.રૂ.૩૦૦૦/- તથા

(૪) આર.ટી.ઓ.રજી.નં.Gj-01-HW-0186 નંબર પ્લેટ લગાવેલટાટા કંપનીની નેક્સન મોડલની કાર કિ.રૂ.૪,૦૦,૦૦૦/-મળી કુલ્લે ૫,૧૭,૬૦૦/-

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ:

પો.સબ.ઇન્સ આર.જી.બાવા તથા પો.કોન્સ ભાવસંગ લક્ષ્મણભાઇ બ.નં.૧૦૧૦૫ તથા પો.કોન્સ. આશિષ દિનેશભાઇ બ.નં.૯૮૭૫ તથા એલ.આર.રમેશકુમાર ઇશ્વરભાઇ બ.નં.૧૨૯૧૨ તથા એલ.આર. વાલજીભાઇ વિરમાભાઇ બ.નં.૧૨૩૧૧

બાતમી આપનાર:-

પો.કોન્સ આશિષ દિનેશભાઇ તથા એલ.આર.રમેશકુમાર ઇશ્વરભાઇ

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૩૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ, ૧૪૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૪ બીયરટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૩૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૭૩૭/૨૦૨૧**

ખાડીયા : જગદીશભાઈ કેવજી પટેલ (ઉ.વ.૪૧)(રહે.તળીયાનો ખાંચો, કાપડીવાડ, સારંગપુર) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૪/૨૦૨૧ સવારના ૧૦/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકૂચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૨,૦૮,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.દેસાઈ ચલાવે છે.

લુંટ :- **સમાચાર યાદી નં.૭૩૮/૨૦૨૧**

ઇસનપુર : સંજયભાઇ મહારામ પટેલ (ઉ.વ.૧૯)(રહે.વૈશાલીનગર શ્રીરામ ઇન્ડસ્ટ્રીજની બાજુમા રાણીપુર પાટીયા, નારોલ) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૪/૨૦૨૧ સાંજના ૪/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન ઇસનપુર ચાર રસ્તા પાસે એક ઓટોરીક્ષા મા આવેલ ત્રણ અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી પોતાની ઓળખ પોલીસ તરીકેની આપી સંજયભાઇ ને ઓટોરીક્ષામાં બેસાડી શાહઆલમ પોસ્ટ ઓફીસ પાસે લઇ જઇ, રીક્ષા ઉભી રાખી સંજયભાઇના પેન્ટના ખીસ્સામાંથી રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- કાઢી લઇ લુટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૭૩૯/૨૦૨૧**

વાસણા : શંકરલાલ સોહનલાલ કુમાવત (રહે.રાધે ફાર્મ, સ્વામીનારાયણ પાર્ક-૪ ની બાજુમા, ભાઠા ગામ વાસણા) એ તા.૨૪/૪/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૪/૨૦૨૧ સાંજના ૪/૩૦ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન વાસણા રાધે ફાર્મ સ્વામીનારાયણ પાર્ક -૪ ની બાજુમા આવેલ પોતાના ભંગારના ગોડાઉન પાસે પાર્ક કરેલ પોતાની એક્ટીવા ની ડેકી નુ તાળુ તોડી, કોઇ અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૩,૨૦,૧૫૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

રખિયાલ : મોહમદઅકીલ રસીદભાઇ શેખ (રહે.શાસ્ત્રીનગર, સરખેજ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૪/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા બાદ કોઇપણ સમયે રખિયાલ મચ્છી માર્કેટ પોસ્ટ ઓફીસ પાસે, મુસ્તાકભાઇ અંશારી ના ગોડાઉન ખાતે પાર્ક કરેલ પોતાની મીની આઇસર ગાડીની કંડકટર સાઇડ ની ડેકીમાંથી કોઇ અજાણી વ્યક્તિ રોકડ રૂપિયા ૮૭,૩૧૪/- નજર ચુકવી ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે .જે.હળવદીયા ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૭૪૦/૨૦૨૧</u>**

વાડજ : કાજલબહેન નિરવકુમાર પટેલ (ઉ.વ.૨૨)(રહે,સેવકા નિવાસ, સ્નાનાગરની પાછળ, ઉસ્માનપુરા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૪/૨૦૨૧ ના કલાક ૯/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે ગુજરાત વિધ્યાપીઠના સ્નાનાનગરના સ્પોર્ટ્સ રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

ચાંદખેડા : વિનોદકુમાર નગીનચંદ્ર સોલંકી (ઉ.વ.૪૯)(રહે.ઉત્સવ બંગ્લોઝ, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૪/૨૦૨૧ ના કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઈ તિક્ષ્ણ હથીયાર વડે ગળામા મારતા ઈજા થતા સારવાર અર્થે તેમને એપોલો હોસ્પિટલ ખાતે લાવતા કલાક ૫/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ જયંતીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી